## અગ્રતા ક્રમ–03

પ્રશ્ન: યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલી છે?

અને મારો બીજો પ્રશ્ન છે કે

ખેડૂતો ને યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુ ન ખરીદવી પડે તે માટે શા આદેશો કરેલા છે ?

જવાબ : માન. અધ્યક્ષશ્રી

માનનિય સભ્યશ્રીના પ્રશ્ન ના જવાબમા જણાવુ તો

પ્રસ્તાવના

રાજ્યમા ખેડુતોને જરૂરિયાત મુજબના વિવિધ રાસયણિક ખાતરોનુ લગભગ ૮૦ % જેટલુ સંસ્થાકિય વિતરણ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન મારફતે થાય છે. જિલ્લા તથા તાલુકા ખરિદ વેચાણ સંઘ અને ગ્રામ્ય લેવલે વિવિધ સહકારી મંડળીઓ મારફત તથા ગુજરાત સરકારના સાહસ એવા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ માન્ય એગ્રો સર્વિસ સેન્ટર તથા એગ્રી બિજનેશ સેન્ટર દ્વારા વિતરણ થાય છે. જેથી ખેડુતોને તેમની જરૂરિયાત હોય તે જ ખાતર શહેર તથા ગ્રામ્ય લેવલ સુધી મળી રહે તેવી વ્યવસ્થા સરકારશ્રી દ્વારા ગોઠવાયેલ છે.

આમ, કુલ ૩૨ જિલ્લાઓમાં ૪૫૦૦ જેટલી સહકારી સંસ્થાઓ દ્વારા રાસાયણિક ખાતરનુ વિતરણ થાય છે.

માન. અધ્યક્ષશ્રી

યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે રાસાયણિક ખાતર વિક્રેતા ના વેચાણ કેંદ્રો પર સબંધિત તાલુકાના ખેતી અધિકારી તથા જીલ્લા ના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા તકેદારી રાખવામા આવે છે અને ખેડૂતોએ યુરીયા ખાતરની ખરીદી પાકા બીલ થી જ કરવા વિવિધ પ્રચાર પ્રસાર ના માધ્યમો દ્વારા જાગ્રુત કરવામા આવે છે.

માન સભ્યશ્રી ના બીજા પ્રશ્નના જવાબમા જણાવુ તો ...

યુરિયા ખાતર સાથે અન્યુ વસ્તુ ની ખરીદી ન કરવી પડે તે માટે કાયદાકિય રક્ષણ આપવા ને હેતુ સર....

ભારત સરકારશ્રીનાં પત્રથી ખાતર સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત ન આપવા અંગે પરીપત્ર કરવામા આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા પણ ખાતર સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત ન આપવા અંગે પત્રથી ખાતર વેચાણ કરતી તમામ કંપનીઓને તથા વિક્રેતાઓ ને આ અંગે તાકીદ કરવામાં આવેલ છે.

## અગ્રતા ક્રમ-03

પ્રશ્ન : દાણાદાર યુરીયા ને બદલે નેનો યુરીયા વપરાશ કરે તે માટે ખેડૂતો ને શા માટે પ્રેરીત કરવામા આવે છે? અને સરકારે તે અંગે શું પગલા લીધા?

જવાબ : માન. અધ્યક્ષશ્રી

માનનિય સભ્ય શ્રી ના પ્રશ્ન ના જવાબમા જણાવુ તો .....

દાણાદાર યુરિયા નો વપરાશ ખેડૂતો દ્વારા થાય છે, ત્યારે આ ખાતરમા રહેલા નાઇટ્રોજન તત્વ નો 30 ટકા જેટલો જથ્થો ભેજ સાથે જમીન મા ઉતરી જાય છે તથા જમીનની ભૌતિક સ્થિતિ બગડે છે તથા હવામા ઉડી જતા નાઇટ્રોજનનો વ્યય અટકાવવા માટે ખેડૂતોને નેનો યુરિયા વપરવા માટે પ્રેરીત કરવામા આવે છે.

માન. અધ્યક્ષશ્રી

માનનિય સભ્યશ્રી ના બીજા પ્રશ્ન ના જવાબમા જણાવુ તો ....

- રાજ્ય સરકાર દ્વારા ચાલતી રાજ્ય પુરસ્કૃત યોજનાઓમાં ઘટક તરીકે નેનો યુરિયા ખાતરનો સમાવેશ કરવામા આવેલ છે.
- રાજ્યમા ખેડુત શિબિર, કિશાન ગોષ્ઠી, કૃષિ મેળા અને વિસ્તરણ કાર્યકરો દ્વારા ક્ષેત્રિય મુલાકાત દરમિયાન નેનો યુરિયાના ઉપયોગ અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવાનું અભિયાન પણ ચલાવે છે.
- ડ્રોન ટેકનોલોજી દ્વારા નેનો યુરિયા ખાતરના છંટકાવ કરી ખેતરમા નિદર્શન કરી ને તેનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.
- વધુમાં ઇફકો અને જી.એન.એફ.સી કંપનીઓ દ્વારા ખેડૂતોને વિના મુલ્યે નેનો યુરિયાનો ડ્રોન ટેકનોલોજીથી છંટકાવ કરી આપવામાં આવે છે.

## અગ્રતા ક્રમ–03

પ્રશ્ન : નેનો યુરિયાનાં ફાયદા શું છે?

જવાબ : માન. અધ્યક્ષશ્રી

- પરંપરાગત યુરીયાની સાપેક્ષે નેનો યુરીયા વાપરવાથી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, મજુરી ખર્ચમાં બચત થાય છે. ખેડુત જ્યારે બજારમાં અન્ય વસ્તુ લેવા આવે ત્યારે પોતાની સાથે થેલીમાં યુરીયાની બે-પાંચ બોટલ સરળતાથી લઈ જઈ શકે છે. આ સિવાય નેનો યુરીયાના ઘણા લાભ છે. જેમાં
- નાઇટ્રોજન ઉપલબ્ધતાની કાર્યક્ષમતા વધારે છે.
- પાકની ઉપજને અસર કર્યા વિના દાણાદાર યુરિયા અને અન્ય નાઇટ્રોજનયુક્ત ખાતરોની બચત થાય છે.
- નેનો યુરિયાની એક બોટલ(૫૦૦ મિલિલીટર) એક બેગ યુરિયા (૪૫ કિલોગ્રામ)ની બરાબર છે, તથા તેની કિંમત ઓછી છે. અને આત્મનિર્ભર કૃષિનું સ્વપ્ન સિદ્ધ કરે છે.
- ખેડુતોને વધુ આર્થિક લાભ થાય છે.
- કૃષિ પેદાશોની ગુણવત્તા અને પોષક મુલ્યમાં વધારો થાય છે.
- ખાતરોના આડેધડ ઉપયોગથી પર્યાવરણને થતા નુકશાનને બચાવે છે જેથી જમીન, હવા અને પાણીનું પ્રદુષણ અટકે છે. તે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ટકાઉ કૂષિના લક્ષ્યને પુર્ણ કરવામાં પણ મદદ કરશે.

## અગ્રતા ક્રમ–03

પ્રશ્ન : રાજ્યમાં યુરીયા ખાતરની જરૂરિયાત જેટલો જથ્થો ઉપલ્બ્ધ થયેલ છે કે કેમ? કેટલું વેચાણ થયું?

જવાબ : માન. અધ્યક્ષશ્રી

માનનિય સભ્યશ્રી ના પ્રશ્ન ના જવાબમા જણાવવુ તો ....

રાજ્ય સરકારની યુરિયા ખાતરની જરૂરિયાત મુજબ નો જથ્થો ભારત સરકાર દ્વારા ફાળવવમા આવેલ હોય ખરીફ અને રવિ ઋતુમાં પુરતો જથ્થો ઉપલબ્ધ થયેલ છે.

માનનિય સભ્યશ્રી ના બીજા પ્રશ્ન ના જવાબમા જણાવવુ તો ....

રાજ્યમાં ૩૨ જીલ્લામાં ખરીફ ઋતુમાં ૧૧ લાખ ૩૮ હજાર મે.ટન અને રવિ ઋતુમાં ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ ૭.૭૨ લાખ મે.ટન યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ કરાવેલ છે આમ ખાતરની કોઇ અછત ન થવાથી યુરિયા ખાતર સાથે અન્ય કોઇ વસ્તુ આપવી પડે તે પરિસ્થિતિ નુ નિર્માણ થયેલ નથી.